જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૫/૦૧/૨૦૧૯ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૧૪૮ લીટર દેશી દારૂ, ૧૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૨૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૪૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૮,૨૧૬/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૩૨/૧૯**

**સોલા હાઇકોર્ટઃ** રવિભાઇ પ્રવિણભાઇ પટેલ (રહે.ઓપ્યુલર પેરેડાઇઝ વિશ્વાસ સીટી-૫ પાસે ગોતા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૧/૧૯ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓગણજ સર્કલથી ભાડજ સર્કલ જતા રોડ પર તથા હારમની સ્ટેટસ બંગ્લોઝ નંબર-૧ ની આગળ આરોપી રાજેશ કોઠારી તથા તેનો ડ્રાઇવર અને તેની સાથે આવેલ બીજો પુરૂષે ભેગા મળી ડોલર એક્ષચેંજ કરવાની ડીલ કરવાના બહાને, રવિભાઇ તથા તેમના મિત્ર હાર્દિકભાઇને ડસ્ટર ગાડીમાં બેસાડી વિશ્વાસમાં લઇ રોકડ રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- લઇ જઇ, રવિભાઇ તથા હાર્દિકભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પોસઇશ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૩/૧૯**

**સોલા હાઇકોર્ટઃ** રાજેશભાઇ રમણલાલ ભાવસાર (રહે.કૃપા મનન ફલેટ ભાઇકાકાનગર થલતેજ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૧/૧૯ બપોરના ૩/૦૦ થી તા.૦૪/૦૧/૧૯ કલાક ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૧૧,૨૫૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.આર.રાઠોડ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૪/૧૯**

**ચાંદખેડાઃ** જાનકીબહેન વા/ઓ હરીલાલ લાલવાણી (ઉ.વ.૩૯) (રહે.ઇશાન હાઇટસ ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ તા.૦૪/૦૧/૧૯ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૨/૨૦૧૮ કલાક ૧૨/૧૫ થી ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન જનતાનગર બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ થી શિવશક્તિ બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૦ થી ૨૫ વર્ષના આશરા) બે પુરૂષ જાનકીબહેનની નજર ચુકવી પર્સ ચોરી કરી લઈ ગયા હતા. પર્સમાં રોકડ રૂપિયા ૪૦,૦૦૦/-, મોબાઇલ ફોન તથા જરૂરી દસ્તાવેજો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.પરમાર ચલાવે છે.

**સોનાનુ મંગળસુત્ર ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૩૫/૧૯**

**વાસણાઃ** બીનાબહેન વા/ઓ નિખિલભાઇ ઠક્કર (ઉ.વ.૩૯) (રહે.સદાનંદ સોસાયટી ટેલીફોન એક્ષચેંજ પાછળ મલ્હાર ફલેટ સામે વાસણા) તા.૦૪/૦૧/૧૯ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે સ્વામિનારાયણ મંદિરથી શ્રીજી બાપા કોમ્પ્લેક્ષ વચ્ચેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ બીનાબહેનના ગળામાંથી સોનાનું મંગળસૂત્ર કિમત રૂપિયા ૧૬,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ બીનાબહેન ઠક્કરે વાસણા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.વાય.બારોટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૬/૧૯**

**રાણીપઃ** સોનલબહેન હરેશભાઇ પરમાર (ઉ.વ.૩૧) (રહે.અંબિકાકૃપા સોસાયટી નિશાંત સ્કુલ સામે રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૧/૧૯ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. *આ અંગે* રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ચંદ્રસિહ રાયમલભાઈ ચલાવે છે.

**નિકોલઃ** નરેન્દ્રભાઇ અમૃતલાલ પટેલ (રહે. શ્રીનાથ એસ્ટેટ શેડ નં ૩૬ મા કેમીકલસ ઓફીસમાં મુળ ગામ-જાસ્કા તા-વડનગર જી-મહેસાણા) એ અગમ્ય કારણસર *તા.૦૪/૦૧/૧૯* સાજના ૬/૩૦ *વાગ્યાના સુમારે* રહેણાંક ખાતે લોખંડની સીડી સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. *આ અંગે* નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રામસિહ ચેહરસિહ ચલાવે છે.

**મણીનગરઃ** અજય કૃષ્ણરાવ ખેડકર (રહે. શ્રી નીધી એપાર્ટમેન્ટ આમ્રકુંજ સોસાયટી જુના ઢોરબજાર જૈન મંદીરની બાજુમા મણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૧/૧૯ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ટી.એન.મોરડીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.